# ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચનો પદવીદાન સમારોહ યોજાયો








ગાંધીનગર, તા. ૪
યુનિવર્સિટીના ત્રીજા દિક્ષાંત સમારોહ માટે યુનિવર્સિટી કેમ્પસમાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને યુવા સ્નાતકોને પદવી એનાયત કરીઆશીર્વાદ આપ્યા હતા.

38 B.sc, 43 M.sc. અને 2 PHD વિદ્યાર્થીઓ સહિત કુલ ૮૩ વિદ્યાર્થીઓએ જીવનના વિવિધ ક્ષેત્રની પ્રતિષ્ઠિત હસ્તીઓ, વાલીઓ અને સ્નાતકોના પરિવારો સાથે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

શિક્ષણમંત્રીએ કહ્યું કે IAR યુનિવર્સિટી સંશોધન અને નવીનતા દ્વારા વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ પ્રદાન કરે તેવું દ્રષ્ટિકોણ છે જેથી દેશને તેજસ્વી સંશોધનકારો, શિક્ષણવિદો, નેતાઓ અને ઉદ્યમીઓ આપી શકાય. IARના યુવા દિમાગ સમક્ષ તેમના સંદેશમાં, તેમણે શેર કર્યું છે કે, ‘‘તમે જે જાણો છો તેના આધારે તમે જીવનમાં ખૂબ આગળ જશો, આજીવન શીખનારા બનો અને ભાવિ પડકારોનો સામનો કરવા માટે વિવિધ કુશળતાથી પોતાને સશક્ત બનાવો. સ્માર્ટ અને સખત મહેનત કરતા ડરશો નહીં. જ્યારે તમે આ સંસ્થાને છોડશો ત્યારે ખાતરી કરો કે તમે IARના તમારા ફેકલ્ટી સભ્ય પાસેથી તમે જે બૌદ્ધિક, સામાજિક અને તકનીકી કુશળતા મેળવી છે તે તમને બધી સ્થિતિમાં મદદ કરશે. સ્વપ્નને જીવો, તમારા હૃદયને અનુસરો અને વિશ્વને શ્રેષ્ઠ સ્થાન બનાવો. હું તમારા દરેકને તમારા બધા ભવિષ્યના પ્રયત્નોમાં સારા નસીબ અને સફળતાની ઈચ્છા વ્યક્ત કરું છું.’

IAR સંસ્થાના પ્રેસીડેન્ટ પ્રો. રાવ ભમિદિમિરીએ સ્નાતકોને અભિનંદન આપ્યા અને અર્થપૂર્ણ કારકિર્દી તરફ આગળ વધવાનું અનુરોધ કર્યો. તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક સાથેના ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિવારમાં તેમનું સ્વાગત કર્યું અને ભવિષ્યમાં ગમે ત્યારે તેમની પોતાની યુનિવર્સિટીની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું.

૨૦૦૬ માં સ્થાપિત, ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ એ એક યુવાન વિકસિત સંશોધન અને નવીનતા સઘન યુનિવર્સિટી છે, જે અંડરગ્રેજ્યુએટ, અનુસ્નાતક અને સંશોધન ડિગ્રી પ્રોગ્રામ્સ પ્રદાન કરે છે. IAR ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડો.એ. પી.જે.અબ્દુલ કલામ, જેમણે સંસ્થાનું ઉદ્ઘાટન કર્યુ હતું, અને તે સમયના ગુજરાતના મુખ્ય પ્રધાન એવા વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સમર્થન સાથે હતા. યુકેના અગ્રણી ઉદ્યોગપતિ પ્રોફે. નાથુરામ પુરી દ્વારા સ્થાપિત ભારતની પુરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન દ્વારા યુનિવર્સિટીને આર્થિક સહાય આપવામાં આવે છે. યુનિવર્સિટી એક નોટ ફોર પ્રોફીટ સંસ્થા છે. અને તેનો એકમાત્ર હેતુ વિશ્વનું અગ્રણી સંશોધન અને નવીનતા યુક્ત શિક્ષણને ગુજરાતમાં અને રાષ્ટ્રીય સ્તરે યુવાનોને પ્રોત્સાહન આપવાનો છે.

**ડાયરેક્ટ ❤ સે**

સત્યને એક માણસ પણ નથી મળતો...
અફવાઓને ટોળેટોળા મળે છે...

## જન્મદિને વધામણી



**નિકેશ બ્રહ્મભટ્ટ**
પત્રકાર
ગાંધીનગર સમાચાર
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦



**એસ એસ પટેલ**



**હેનિલ આર ગજ્જર**
મો. ૯૭૭૮૯ ૩૧૩૧૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તોના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સર્વ નેતૃત્વ તાલીમ શિબિરમાં પુંસરી ગામના પૂર્વ સરપંચ હિમાંશુભાઈનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૪
‘સ્માર્ટ વિલેજ ના બને તો કાઈ નહિ પરંતુ મહાત્મા ગાંધીજીના ગ્રામ સ્વરાજયની કલ્પનાનું અને શ્રી કૃષ્ણનું ગોકળીયું ગામ તો જરૂર બનવું જોઈએ.’ આ શબ્દો છે ગુજરાતનાના પ્રથમ આદર્શ ગામ ‘પુંસરી’ ના પૂર્વ યુવા સરપંચ શ્રી હિમાંશભાઈ પટેલના કે જેઓ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત ૫૫મા સર્વ નેતૃત્વ કાર્યક્રમમાં વિધાર્થીઓને જીવનના દરેક પડાવ પર કેવી રીતે નેતૃત્વ કરી શકાય અને રાષ્ટ્રનિર્માણમા કેવી રીતે યોગદાન આપી શકે તેનું માર્ગદર્શન આપવા ઉપસ્થિત રહ્યા હતા.



વધુમાં વાત કરતા તેમણે જણાવ્યું હતું કે વિચારોનું બીજ સૌથી મજબૂત હોય છે. કોઈ પણ સારા કામની શરૂઆત એક સારા વિચાર થતી હોય જેને પેહલા સ્વીકાર કરવામાં આવતો નથી પરંતુ સતત તેના ઉપર ચિંતન કરી પૂરી નિષ્ઠાથી મેહનત કરવામાં આવે ત્યારે ચોક્કસ પરિણામ મળતું હોય છે. જે કરો તે શ્રેષ્ઠ કરો. ટેકનોલોજી સાથે ભગવદ્ ગીતાને જોડી આગળ વધવા હાકલ કરી હતી. સાચું ભારત ગામમાં વસે છે, જો ભારતનો વિકાસ કરવો હોય તો ગામડાઓનો વિકાસ કરવો પડશે. પોતાના અનુભવો ની વાત કરતા તેમણે જણાવ્યું કે પુંસરી ગામના સરપંચ તરીકેના તેમના ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન, તેમનાં સમર્પિત પ્રયત્નોથી ગામને એક મોડેલ ગામમાં પરિવર્તિત કર્યુ. જેના પરિણામે, પુંસરીમાં અવિરત પાણી, વીજ પુરવઠો, યોગ્ય ડ્રેનેજ સિસ્ટમ અને સ્ટ્રીટ લાઈટ છે. આખું ગામ WIFIથી સજ્જ છે. ગામમાં વિવિધ પોઈન્ટ્સ પર સ્થિત સીસીટીવી કેમેરાની મદદથી સુરક્ષિત છે અને ગામની આસપાસ ૧૪૦ જેટલા લાઉડ સ્પીકરો લગાવવામાં આવ્યા છે. પુંસરી ને તેનો પોતાનો જળ શુદ્ધિકરણ પ્લાન્ટ, નવીનીકરણીય ઉર્જા પ્લાન્ટ અને પરિવહન સેવાઓ મળી છે. આશરે ૬૦૦૦ વસ્તીવાળા ગામમાં એરકન્ડીશન શાળાઓ, આરોગ્યસંભાળ કેન્દ્ર, બેંકિંગ સુવિધાઓ અને બીજી ઘણી સુવિધાઓ મળી છે. ગુજરાત સરકાર દ્વારા પુંસરી ને ૨૦૧૦ માં રાજ્યનું પ્રથમ મોડેલ વિલેજ તરીકે જાહેર કરાયું હતું. ૨૦૧૨ માં, ભારત સરકાર દ્વારા પુંસરીને શ્રેષ્ઠ ગૌરવ ગ્રામ સભા તરીકેનો એવોર્ડ મળ્યો. વર્ષ ૨૦૧૪માં ભારત સરકાર દ્વારા પુંસરી ને દેશનું પ્રથમ આદર્શ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ૩૭ થી વધુ વિવિધ એવોર્ડની સિદ્ધિથી હિમાંશુ પટેલ માત્ર રાજ્ય કક્ષાએ જ નહીં પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પુંસરીને લોકપ્રિય મોડેલ વિલેજ તરીકે બદલવામાં સફળ રહ્યા છે. હિમાંશુ પટેલનાં સામાજિક ક્ષેત્રે યોગદાન બદલ ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજીના હસ્તે એવોર્ડ પ્રાપ્તિ અને કોન બનેગા કરોડપતિ નાં પ્લેટફોર્મ ઉપર જેઓની નોધ લેવાઈ છે તેવા અનોખા વ્યક્તિ હિમાંશુભાઈ પટેલ ઉપસ્થિત રહી વિધાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ વતી મંત્રી શ્રી સંજયભાઈ પટેલ, પરાગભાઈ પટેલ, પંકજભાઈ પટેલ અને સર્વ નેતૃત્વના ઈન્ચાર્જ ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા સ્વાગત કરાયું હતું અને સંસ્થાની મુલાકાત કરાવાઈ હતી.






બા-બાપૂ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ પ્રસંગે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા ખાતે ૨૬૫ વિદ્યાર્થીઓ માટે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઠ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો જેવા કે નઈતાલીમ શિક્ષણ, સર્વધર્મ સમભાવ, ગાંધી, અને આરોગ્ય, વિદ્યાપીઠની કેળવણી યાત્રા જેવા વિષયોની ચર્ચા થઈ. જેમાં રાણાભાઈ વાઘેલા પ્રથમ સ્થાને, દિશાબેન પ્રજાપતિ બીજા સ્થાને અને નરેશભાઈ ગોહિલ ત્રીજા સ્થાને આવ્યા તેમને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપશે. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ એ પ્રતિભાવો આપ્યા હતા. ડૉ. બળદેવભાઈ મોરી અને ડૉ. ગુલાબભાઈ પટેલ એ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. ડૉ. રાજેન્દ્રભાઈ જોષી સમય પાલક તરીકે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટએ કર્યું હતું.



લીંબોદરા હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો યોજાઈ ગયેલ શુભેચ્છા સમારંભ ગામના સરપંચ શ્રી રણજીતસિંહ વાઘેલા તેમજ બીડી વાઘેલા નિવૃત્ત ડીવાયએસપી તેમજ ગ્રામજનોની ઉપસ્થિતિમાં આચાર્યશ્રી તેજ સિંહ પરમાર તેમજ શિક્ષક ગણ શુભેચ્છા પાઠવી હતી શાળાના શિક્ષક વિશાલ થોરાત કાર્યક્રમનું સંચાલન કર્યું હતું

# સર્વધર્મ સમભાવ અને કોમી એકતા અંતર્ગત ‘ફોરમતો ફાગણ’ કવિસંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૪
ઉચ્ચશિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગર અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, રાંધજાના ઉપક્રમે તથા બા-બાપુ દોઢસો અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ફાગણ મહિનાના શરૂઆતી દિવસોમાં ‘ફોરમતો ફાગણ’ શીર્ષક અંતર્ગત કવિ સંમેલનનું આયોજન તારીખઃ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ કરવામાં આવેલ. આ કવિસંમેલનમાં ગુજરાતના નામાંકિત પાંચ કવિઓએ અમારા ગ્રામસેવા કેન્દ્રના વિદ્યાર્થી ભાઈ તથા બહેનો, સર્વ અધ્યાપક ભાઈ-બહેન તથા રાંધેજા પરિસરમાં રહેતા સર્વ પરિવારજનો તથા રાંધેજા ગ્રામજનો સમક્ષ કવિતાઓમાં ગીત, ગઝલ, અછાંદસ કવિતાઓ દ્વારા રસતરબોળ કર્યા હતા.




આ કવિ સંમેલનમાં કવયિત્રી ઉષા ઉપાધ્યય, રક્ષા શુક્લ, ભરત જોશી ‘પાર્થ મહાબાહુ’, હરદ્વાર ગોસ્વામી, ધ્વનિલ પારેખ એ કવિતા દ્વારા સર્વધર્મ સમભાવ અને કોમી એકતા વિષયની તેમજ ગાંધી વિષયક રચનાઓનો પાઠ અને ગાન કરેલ. હરદ્વાર ગોસ્વામીએ ‘મંદિર અંદર રાડ પડી છે, ધર્મો કરતા ધાડ પડી છે’ તથા રક્ષા શુક્લએ ‘મુંઝારાના મહેલ વચાળે સોડ અમે તો તાણી, પીડાના પટકૂળ પેરેલી હું જ મને અણજાણી’, તો ધ્વનિલ પારેખે ‘દરિયો ભલેને માને કે પાણી અપાર છે, એને ખબર નથી કે નદીનું ઉધાર છે’, ભરત જોશીએ ‘એણે અમથા પથ્થર દીધા, સહુને લાગ્યુ ઈશ્વર દીધા’, ઉષા ઉપાધ્યાયએ ‘આકાશી આંબાને આવ્યા મોર અને છે જળબિલ્લોરી,ચાંદાની આંખોમાં ચમક્યો તોર અને છે જળબિલ્લોરી’ જેવી રસપ્રદ કવિતાનો કિલ્લોલ કરાવ્યો. સાથે સાથે અમારા વિદ્યાર્થીઓમાં ભરત રંગિયા અને સંગીતા માંડાણીએ પણ સ્વરચિત કવિતાનો પાઠ કરી સૌના મન ડોલાવી દીધા હતા.

સમગ્ર કવિ સંમેલનનુંસંચાલન અમારા અધ્યાપક સંજય મકવાણાએ કવિતા પંક્તિઓની હારમાળા દ્વારા કર્યુ અને સૌ કવિઓ તથા મહેમાનોનું સ્વાગત સંસ્થાના સંયોજક ડૉ. રાજીવ પટેલ દ્વારા કરવામાંઆવેલ. આ પ્રસંગે સમૂહ ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું.

# કાશ્મીરી યુથ એક્સચેન્જ પ્રોગ્રામનો સમાપન કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૪
કાશ્મીરી યુથ એક્સચેન્જ પ્રોગ્રામ ૨૯મીએ યુથ હોસટેલ ખાતે પૂર્ણ થયો અને આ અંગેના સમાપન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે બાળસંરક્ષણ આયોગના સેક્રેટરી પંકજભાઈ વી. ઠાકર, પૂર્વ સંયુક્ત સચિવ આરોગ્ય આઈ.એ.વ્હોરા, જેમણે લઘુમતી આર્થિક વિકાસ નાણાંકીય નિગમના ચેરમેન તરીકે યશસ્વી કામગીરી કરી હતી, આ ઉપરાંત નહેરુ યુવા કેન્દ્ર સંસ્થાના અધિકારી ડેપ્યુટી ડાયરેકટર પવન અમરાવત, શિવદયાલ શર્મા, રજનીકાંત સુથાર, સ્કીલ ડેવલપમેન્ટના પંકજ મિસ્ત્રી, પત્રકાર સંઘના પ્રમુખ કશ્યમ નિમાવત, કલ્ચરલ આર્ટીસ્ટ રુત્વી પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમાપન પ્રસંગે કાશ્મીરના યુવાનો અલ્તાફ ગુર્જર અને આરિફ ગુર્જર, મોહમ્મદ ગુર્જર વગેરેએ કાર્યક્રમમાં સહભાગી થવા બદલ તથા ગુજરાતમાં શાંતિ, વિકાસ, પ્રગતિ વગેરે બાબતે પ્રતિભાવો રજૂ કર્યા હતા. જે કાંઈ શીખ્યા છે તે અંગે પ્રેરણા લઈ કાશ્મીર રાજયમાં શાંતિ સૈનિક તરીકે કામ કરશે. અને શાંતિ, સદ્ભાવના અને રાષ્ટ્રીય એકતા અંગે કાર્ય કરશે. રાજય તથા કેન્દ્ર સરકારની ફેલગથીપ યોજનાઓ અંગેની માહિતી પ્રાપ્ત કરી છેવાડાના લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરશે.

રજનીકાંત સુથાર અને પવન અમરાવતે પ્રાસંગિક ઉદ્બોધન રજૂ કર્ય હતા. સૌ મહેમાનોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળત બનાવવા રજનીકાંત સુથાર, કશ્યમ નિમાવત, ભાનુભાઈ શાહ, હાર્દિક, યુવા સંયોજક ભારતી માંગરા, વિવેક, ઋષિકેશ, માલદેવ, આકાશ, ચિંતન, યુથ હોસ્ટેલનો સ્ટાફ વગેરેએ યશસ્વી કામગીરી કરી હતી.

# માનુષ મનિષ શાહે ૭.૫ પોઈન્ટ સાથે ચેમ્પીયનશીપનો ખિતાબ હાંસક કર્યો



ગાંધીનગર,તા. ૪
આ ટુર્નામેન્ટનું આયોજન ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન અને વી પોપ્યુલર દ્વારા કરવામાં આવ્યું હતુ. ફાઈનલ રાઉન્ડના અંતે માનુષ અને કર્તવ્ય વચ્ચેની મેચ ડ્રોમાં પરિણમી હતી અને માનુષે ટુર્નામેન્ટના અંતે ૭.૫ પોઈન્ટ હાંસલ કર્યા હતા. કર્તવ્ય અનડકટે ૭.૫ પોઈન્ટ હાંસલ કરી બીજુ સ્થાન પ્રાપ્ત કરેલ જયારે જોય પંકજ શાહ, કરણ ત્રિવેદી અને અંકિત ચુડાસમા અનુક્રમે ત્રીજા, ચોથા અને પાંચમાં સ્થાને રહી પ્રત્યેકે ૭ પોઈન્ટ હાંસલ કર્યા હતા. આખરી પરિણામો નીચે મુજબ રહ્યા હતા.

(૧) માનુષ મનિષ શાહ - ૭.૫ પોઈન્ટ, (૨) કર્તવ્ય અનડકટ - ૭.૫ પોઈન્ટ (૩) જોય પંકજ શાહ - ૭ પોઈન્ટ (૪) કરણ ત્રિવેદી - ૭ પોઈન્ટ (૫) અંકિત ચુડાસમા - ૭ પોઈન્ટ. ...ુલ રૂ.૭૫,૦૦૦/- ના રોકડ ઈનામો વિજેતા પ્રથમ ૨૦ ખેલાડીઓને તદ્ઉપરાંત અન્ડર-૧૩ના તમામ ખેલાડીઓને મેડલથી ભાવેશ પટેલ (સીઈઓ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), સિલ્વા પટેલ (ડાયરેકટર, કર્ણાવતી કલબ), મયૂર પટેલ (વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), સમીર શાહ (ટ્રેઝરર, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) તેમજ શેખર ચંદ્ર શાહુ દ્વારા એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. પ્રથમ ચાર શ્રેષ્ઠ ખેલાડીઓ નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરશે.